# જાહેરનામું

## પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૩/૨૦૨૪ તા.૧૦/૯/૨૦૨૪

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૧૬/૯/૨૦૨૪ ના રોજ ઈદે મિલાદ ઝુલુસ નિમીત્તે વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુકમ :-

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૬/૯/૨૦૨૪ ના રોજ ઈદે મિલાદ જુલુશ નિમીત્તે જમાલપુર હેબતખાનની મઝીદ જમાલપુર દરવાજા પાસેથી કલાક ૧૪.૦૦ વાગે ઝુલુસ નીકળી જમાલપુર ચકલા થઇ જે.એલ. હાઇસ્કુલના રસ્તે થઇ ખાસ બજાર કોલસા ગલી થઇ પથ્થરકુવા રીલીફ રોડ થઇ લાલદરવાજા વીજળીઘર થઇ દિનબાઇ ટાવર થઇ મિરઝાપુર કુરેશી ચોકમાં જશે. જે દરમિયાન નીચે મુજબના રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

૧. જમાલપુર ચાર રસ્તાથી ખમાસા તરફ આવ જા કરી શકાશે નહી.
૨. રાયખડ ચાર રસ્તાથી ગોળ લીમડા સુધીનો રોડ વાહન વ્યવહાર બંધ રહેશે.
૩. પાનકોર નાંકાથી લાલ દરવાજા સુધીનો રોડ વાહન વ્યવહાર બંધ રહેશે.
૪. ઘી-કાંટા ચાર રસ્તાથી વિજળીઘરથી લાલદરવાજા તરફનો રોડ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.
૫. દિલ્હી ચકલાથી મિરઝાપુર રોડ થી લકી હોટલથી વિજળીઘર તરફ આવ-જા કરી શકાશે નહી.

**એ.એમ.ટી.એસ.બસો :-**

- લાલ દરવાજાથી મિરઝાપુર થઇ દિલ્હી દરવાજા સુધી આવ-જા કરી શકાશે નહી.
- લાલ દરવાજા થી રાયખડ થઇ ખમાસા થઇ આસ્ટોડીયા દરવાજા તરફ આવ-જા કરી શકાશે નહી.

**વૈકલ્પિક રુટ :-**

- લાલ દરવાજાથી રૂપાલી સિનેમા કામા હોટલથી શાહપુર ચાર રસ્તા થઇ દિલ્હી દરવાજા તરફ આવ-જા કરી શકાશે.
- એ.એમ.ટી.એસ. બસો લાલ દરવાજા રાયખડથી જમણી બાજુ વળી ગાયકવાડ હવેલી થઇ જમાલપુર ચાર રસ્તા થઇ સ્લોટર હાઉસ ગીતામંદીરથી આસ્ટોડીયા તરફ આવ-જા કરી શકાશે.

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૬/૯/૨૦૨૪ ના બપોર કલાક ૧૪.૦૦ થી ઝુલુસ પુર્ણ ન થાય** ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની

કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૯/૨૦૨૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૦/૯/૨૦૨૪
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

( જી.એસ.મલિક )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.